ગાંધીનગર સમાચાર
તા. ૪-૯-૨૦13, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....

### લોકાયુક્ત મુદ્દે ઉંદર બિલાડીની રમત ક્યાં સુધી?

પ્રખર ધારાશાસ્ત્રી અને ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ રમેશ એ. મહેતાની ગુજરાત રાજયના લોકાયુક્ત તરીકે કરાયેલ નિમણૂક સામે રાજય સરકારને ઘણા વાંધા હતા અને તેથી એણે રાજ્યપાલ દ્વારા કરાયેલ નિમણૂક સામે લાંબો કાનૂની જંગ છેડી દીધો હતો. જસ્ટિસ મહેતાની નિમણૂકમાં ગુજરાત હાઈકોર્ટના તત્કાલીન મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયને વિશેષ વજૂદ આપવામાં આવ્યું હતું. વિપક્ષના નેતા, હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને મુખ્યમંત્રી એ ત્રણના પરામર્શથી રાજયના લોકાયુક્તની નિમણૂક થવી જોઈતી હતી, પરંતુ મુખ્યમંત્રીને જસ્ટિસ આર.એ. મહેતા પ્રત્યે અંગત અણગમો હોઈ એમણે સંમતિ દર્શાવવામાં વિલંબ કરતાં આખરે હાઈકોર્ટની સલાહ મુજબ રાજ્યપાલશ્રીએ એમનો વિશેષાધિકાર વાપરી જસ્ટિસ મહેતાના નામની જાહેરાત કરી હતી. ગુજરાત સરકારને રાજયપાલશ્રીનું આ પગલું રાજયના મુખ્યમંત્રીની ઈચ્છા વિરુદ્ધનું તથા અપમાનજનક લાગતાં એણે અનેક પ્રકારના કાનૂની ઉપાયો કરી જોયા છતાં આખરે છેક રિવ્યૂ પિટીશનમાં પણ સુપ્રીમ કોર્ટે રાજયપાલ દ્વારા ગુજરાતના લોકાયુક્તની નિમણૂકને કાયદેસરની ગણાવતાં રાજય સરકારના હાથ હેઠા પડ્યા હતા. જસ્ટિસ આર.એ. મહેતાને વિધિસર જાહેરનામું બહાર પાડી લોકાયુક્ત તરીકે સોગંધ લેવા માટેનું ઉમળકાભર્યું નિમંત્રણ ન મળવાથી એમણે આખરે પોતે આ પદ સ્વીકારવા નહીં ઈચ્છતા હોવાનું જણાવી વિવાદમાંથી ખસી જવાનું પસંદ કર્યું હતું. જસ્ટિસ મહેતાની જગ્યાએ કોઈ પદવાંચ્છુ મહાનુભાવ હોત તો એમણે 'લાઈન કિલયર'નો સિગ્નલ મળતાંવેંત ઉતાવળે દોડી જઈ પદના અને ગોપનીયતાના સોંગદ લઈ લીધા હોત અને છેલ્લાં સાડાસાઠ વરસથી ખાલી પડેલી લોકાયુક્તની ખુરશી સંભાળી લીધી હોત. સ્વમાની ન્યાયમૂર્તિએ પદ સ્વીકારવાની અનિચ્છા દર્શાવી રાજય સરકારની દાનત સામે પુણ્યપ્રકોપ ઠાલવ્યો હતો. એક ચૂંટાયેલી સરકારની ઈચ્છા વિરુદ્ધ રાજયના લોકાયુક્ત બનવામાં એમને ઔચિત્ય નહોતું વરતાયું; એમણે રાજય સરકારે પોતાની નિયુક્તિ સામે કરોડો રૂપિયાનું આંધણ કરી છેલ્લી કક્ષાની ઘૃણાસ્પદ લડત લડી લીધી હોવાની રજૂઆત પણ કરી હતી. એટલું જ નહીં પણ રાજય સરકારે બહુમતીના જોર પર નવો અને સુધારેલો લોકાયુક્ત ખરડો પણ પસાર કરીને પોતાનો સ્પષ્ટ નકારાત્મક અભિગમ દર્શાવી દીધો હતો. દેખીતું છે કે આ પ્રકારના વલણથી જસ્ટિસ મહેતા જેવા બિનરાજકીય મહાનુભાવની લાગણીને ભારે ઠેસ પહોંચી હતી. માર્ચ ૨૦13ના બજેટ સૂત્રમાં રાજય સરકારે લોકાયુક્ત અધિનિયમ વિધેયક વિધાનસભામાં પસાર કરી રાજયપાલશ્રીની મંજૂરી માટે મોકલાવી આપ્યું હતું. આ વિધેયકમાં રાજય સરકારનો જ હાથ ઉપર રહે, મુખ્યમંત્રીની ઈચ્છા મુજબનો અને કહ્યાગરો લોકાયુક્ત જ નિમાય એ પ્રકારની જોગવાઈઓ સામેલ કરતાં રાજયપાલશ્રીએ એને અનેક સુધારા સૂચવી પરત કર્યું છે. વિધેયકમાં લોકાયુક્તની નિમણૂંકમાં મુખ્યમંત્રીનો જ હાથ અધ્ધર રહે એવી જોગવાઈ દેખીતી રીતે લોકાયુક્ત પાછળની ભાવના હાર્દ અને ઉદ્દેશનો છેદ ઉડાડી દે છે. તેથી રાજ્યપાલશ્રીએ જૂના કાયદા મુજબની જોગવાઈઓ યથાવત્ રાખવાનું સૂચન પણ કરેલ છે. નવા વિધેયકમાં મુખ્યમંત્રી અને મંત્રીઓ તેમજ ઉચ્ચ અધિકારીઓ માટે હળવા બનાવાયેલા નિયમો સુધારવાનું પણ સૂચન કર્યું છે. રાજયપાલ ડો. શ્રીમતી કમલાનો કાર્યકાળ પૂરો થવામાં છે ત્યારે એમણે પોતાના મૂળ વલણ પર દૃઢ રહેવાનું નક્કી કર્યું લાગે છે. દેખીતું છે કે રાજય સરકાર એમનાં સૂચનોનો અનાદર કરી ફરી એકવાર એ જ નવું વિધેયક ૩૦ સપ્ટેમ્બરથી શરૂ થનાર ટૂંકા ચોમાસુ સત્રમાં બહુમતીના બળ પર પસાર કરી દેશે. આખરે તો લોકશાહીમાં ચૂંટાયેલી સરકારએની પોતાની અનુકૂળતા મુજબ જ વર્તવા ટેવાયેલી હોય છે. અલબત્ત, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનું લોકાયુક્ત અંગેનું વલણ એમની પ્રતિષ્ઠાને ઝાંખપ લગાડનારું રહ્યું છે, તેથી જો કોઈ વચલો માર્ગ કાઢી લોકાયુક્તપદની ગરિમા જળવાય એવું વલણ અપનાવશે તો તે આવકારદાયક લેખાશે. લોકાયુક્તને પાંજરાનો પોપટ બનાવી દેવા કરતાં તો લોકાયુક્ત વગર ચલાવી લેવું જ વધારે સારું ગણાય. આશા રાખીએ કે આ ઉંદરબિલાડીની રમત હવે અટકે, અને ગુજરાતને એના બહુપ્રતીક્ષિત તટસ્થ લોકાયુક્ત સાંપડે.

## શ્રીમતી આર.એન. પટેલ શાળામાં જાદુના ખેલનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં આવેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતિ આર.એન. પટેલ પ્રાયમરી શાળામાં આજરોજ જાદુના ખેલનું આયોજન કરવામાં આવ્યું હતું. જાદુની અવનવી તરકિબો જોઈ બાળકો મંત્રમુગ્ધ બની ગયા હતા.

શ્રીમતી આર.એન. પટેલ શાળામાં આજરોજ રાજગુરુ જાદુગર દ્વારા જાદુના વિવિધ ખેલ બતાડવામાં આવ્યા હતા. જેમાં અસલી બ્લેડ અને દોરો ખાઈને મોં માંથી બ્લેડનો હાર બહાર કાઢી બતાવ્યો હતો અને ૫૦૦ રૂ.ની નોટને પાર્સલમાં રાખેલા પપૈયામાંથી ઈંડુ તેમજ અખરોટ બનાવી હતી. અને તેમાંથી ફરી ૫૦૦ રૂ.ની નોટ બનાવી હતી. જાદુગરે બાળકોને જાદુ એટલે ઝડપ છે. માત્ર હાથ ચાલાકીની કરામત છે. જાદુ એ કોઈ અંધશ્રદ્ધા, ભૂત-પ્રેત, મેલી વિદ્યા કે ચમત્કાર નથી તેની સમજ વિદ્યાર્થીઓને આપી હતી. તેમજ જાદુના કેટલાક વિજ્ઞાનના સિદ્ધાંતોનો ઉપયોગ થાય છે. તે પણ જાદુના ખેલ દર્શાવી સિદ્ધ કરી બતાવ્યું હતું. શાળાના બાળકોને જાદુગરે અવનવી વિવિધ તરકીબો રજુ કરીને ભરપુર મનોરંજન પુરૂ પાડ્યું હતું.

## જેસીઆઈ ગાંધીનગર દ્વારા બેસ્ટ સીંગર ઓફ ધ સિટીનું આયોજન

ગાંધીનગર, તા.૩

જેસીઆઈ ગાંધીનગર દ્વારા બેસ્ટ સીંગર ઓફ ધ સિટીનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરના કલાકારોને પ્લેટફોર્મ પુરું પાડતા આ કાર્યક્રમમાં વિવિધ વય જૂથ પ્રમાણે સ્પર્ધા યોજાશે. પ્રથમ ઓડિશન ૧૫ સપ્ટેમ્બરે યોજાશે.

સ્પર્ધા માટેના ફોર્મ ગાંધીનગર સમાચાર-સે-૮, સ્ટાર એજયુકેશન સેન્ટર, સ્વામિનારાયણ મંદિર પાછળ, સે-૨૩, કલરવ સ્ટેશનર્સ, ઘ-૬ સર્કલ, સે-૨૨, રંગોલી પ્લે ગ્રુપ, પ્લોટ નં. ૬૭૫, સે-૬-બી, રંગોલી, પ્લોટ નં. ૭૨૨, સે-૨૨ રંગોલી, પ્લોટ નં.-૧, નવકાર બંગ્લોઝ, સ્વાગત રેઈન ફોરેસ્ટ-ની પાછળ, કુડાસણ, રંગોલી બંગલો નં.-૩, સંકલ્પ રોયલ, વાવોલ ખાતે ઉપલબ્ધ છે. સંસ્થાના પ્રમુખ કેતન નિર્મલે ગાંધીનગરના કલાકારોને આ સ્પર્ધામાં ભાગ લેવા નિમંત્રણ પાઠવ્યું છે. વધુ વિગતો જાણવા માટે મોબાઈલ નં. ૯૮૨૪૫ ૪૩૧૭૦, ૯૮૭૯૫ ૨૮૭૨૨, ૯૭૨૪૭ ૮૭૦૯૩ અને ૯૮૭૯૫ ૧૮૨૦૨ પર સંપર્ક સાધી શકાશે. ફોર્મ ભરીને પરત આપવાની છેલ્લી તારીખ ૧૩ સપ્ટેમ્બર છે.

## ચૌધરી મહિલા કોલેજ ખાતે શિવ-પાર્વતી ઉત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર સેકટર-૭ ખાતે આવેલ શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં શિવ પાર્વતી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજની બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે તા. ૨ સપ્ટેમ્બરના રોજ શિવ-પાર્વતી ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં શિવજી અને પાર્વતીના પાત્રોને જીવંત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શિવ મહિમ્ન સ્ત્રોતનું પારાયણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ઉર્મિલાબેને વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું. તેમજ સંસ્કૃત વિભાગના પ્રો. ડૉ. રાકેશ પટેલ અને પ્રો. ડૉ. મીનાબેન વ્યાસે માર્ગદર્શન પુરું પાડયું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કોલેજની બહેનો હાજર રહી હતી.



આજથી મને કાંઇ પૂછશો નહીં હું તમારો ગુરુ નહીં તમે મારા ચેલા નહીં...

## પ્રેરણા વિદ્યાલય ખાતે ગાંધી જીવન દર્શન પર વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૩

ભારતના રાષ્ટ્રપિતા એવા મહાત્મા ગાંધીના જીવન દર્શનનુંનિરૂપણ આજની યુવા પેઢીને થાય તેવા ઉમદા આશયથી ગાંધીનગર સેકટર-૫-એમાં આવેલ પ્રેરણા વિદ્યાલય ખાતે 'ગાંધી જીવન દર્શન અને ગાંધી વિચાર' પર વ્યાખ્યાન માળાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રરણા વિદ્યાલયમાં ગાંધી મિત્ર વર્તુળ નામની સંસ્થાના સહયોગથી ગાંધીજીના વિચારોને પોતાના જીવનમાં ઉતારનાર એવા શિક્ષણ વિદ અને સાહિત્યકાર ભાનુપ્રસાદ પુરાણી તથા ઉચ્ચ જીવનના પ્રણેતા અને ભૂતપૂર્વ ધારાસભ્ય મહેન્દ્રભાઈ ત્રિવેદી દ્વારા ગાંધી જીવન દર્શન અને ગાંધી વિચાર પર એક વ્યાખ્યાનનું આયોજન શાળા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં આવેલ મહેમાનો દ્વારા ગાંધીજીના જીવન વિશેની ઘણી સમજ અને માહિતી વિદ્યાર્થીઓને આપી હતી તેમજ વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નોતરી પણ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમના અંતે બાળકોને ગાંધી મિત્ર વર્તુળ તરફથી ગાંધીજીની આત્મકથા ઉપર આધારિત 'મારી જીવન કથા' નામનું પુસ્તક દરેક બાળકને ભેટ આપવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય સ્વાતિબા રાઓલે આભારવિધિ કરી હતી અને દરેક બાળક પોતાના જીવનમાં ગાંધી વિચારો ઉતારે તેવી પ્રેરણા આપી હતી.

## શિક્ષણક્ષેત્રના પડતર પ્રશ્નો અંગે યુવક કોંગ્રેસ આંદોલન કરશે

૫ સપ્ટેમ્બરે શિક્ષકદિન નિમિત્તે ગુજરાતમાં શિક્ષણના પ્રશ્નો વ્યાપક ભ્રષ્ટાચાર બાબતે યુથ કોંગ્રેસ એન.એસ.યુ.આઈ. દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમ આપવામાં આવશે. ગુજરાતમાં શિક્ષણનું વ્યાપારીકરણ વધતું જાય છે. પરિણામે લાખો વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત રહે છે. શિક્ષણમાં ડોનેશન લઈ ભ્રષ્ટાચાર ફેલાવી રહી છે. સેલ્ફ ફાઈનાન્સ શાળામાં ફીનું કોઈ ધારાધોરણ નથી. શિક્ષણના ગંભીર પ્રશ્નો વિશે સરકારને ચિંતા નથી. ૧૦ લાખથી વધુ યુવાનો બેકાર છે. એન.એસ.યુ. આઈ.ના પ્રમુખ આદિત્યસિંહ ગોહિલે જણાવેલ છે.



### ચૈતન્ય સ્કુલ ગાંધીનગર ખાતે હાઈટેક લાયબ્રેરીનો પ્રારંભ

ચૈતન્ય સ્કુલ ગાંધીનગર ખાતે શ્રીમતી પદમા મોટવાની લાયબ્રેરીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. લાયબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમનો ઉલ્લેખ કરાયેલી ટેકનોલોજીનો સમનવય કરવામાં આવ્યો છે. ગાંધીનગરમાં આ લાયબ્રેરી અજોડ સ્થાન ધરાવે છે. ગેટ-ડિટકશન સિસ્ટમ, ચેક-આઉટ, આર.એફ.આઈ.ડી. ચિહ્ન અને ઈન્ટરનેટની વ્યવસ્થાવાળા કમ્પ્યુટરોની સગવડ છે. ટીઓટીઆ મોટવાની કુટુંબે શાળાને દાનમાં આપેલ છે. વિદ્યા નિકેતન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ચૈતન્ય સ્કુલના વિદ્યાર્થીઓ શિક્ષકો સરકારી અધિકારીઓ ખ્યાતનામ વ્યક્તિઓએ હાજરી આપી ભણતર સાથે સારા પુસ્તકોની જરૂરિયાતને બિરદાવી હતી. શાળા શુભેચ્છાએ પુસ્તકોનું દાન કર્યું હતું.

### ૐ

ચાલ આદમ- ઈવને અહીં પાછા બોલાવી જોઈએ,
ને છૂટાછેડાના સઘળા કેસ એને સોંપી જોઈએ.

ખાતું 'ન ખાતું' કરીએ, જનપથને શું પૂછીએ?
ચાલ હવે આપણે જ વિભાગો વહેંચી જોઈએ.

અર્જુનને પૂંચ, ભીમને લડાખ સોંપી જોઈએ,
કારગીલમાં કૃષ્ણનું સુદર્શન મુકી જોઈએ.

ઘટોત્કચને પડોશમાં, અભિમન્યુને પૂર્વમાં,
પ્રતાપ અને શિવાજીને નકસલવાદ સોંપી જોઈએ.

રૂપિયો ઘસાઈને મફત કંઈ વહેંચાય નહીં,
ચાલ કૌટીલ્યને એક બજેટ સોંપી જોઈએ.

ચાણક્યને આયોજન અને ભરતજીને ગૃહ,
લક્ષ્મણને વિદેશ પણ સ્વતંત્ર સોંપી જોઈએ.

યુધિષ્ઠિર એકાદ વાર 'નરોવા- કુંજરોવા'
ચાલ એને વિરોધપક્ષના નેતા બનાવી જોઈએ.

વિક્રમ, ભોજ ને જહાંગીરની બેન્ચ સુપ્રીમ મહીં,
ને જનકને ચાલ લોકાયુક્ત બનાવી જોઈએ.

ધન્વંતરીની મદદમાં ચરકને સુશ્રુત પણ
ચાલ એમને જાહેર આરોગ્ય સોંપી જોઈએ.

જાહેર બાંધકામ નલ- નીલને, પ્રભાશંકર સચિવ,
વિશ્વકર્માને મુંબઈની ધારાવી બતાવી જોઈએ.

દરેક વખતે ઢંઢેરામાં, ખોટા વચનો કેમ ચાલે?
ચાલ આ વખતે મુસદ્દો ગાંધીજીને બતાવી જોઈએ.

વી.સી.ની. તો ચાર પાંચ જગ્યાઓ ખાલી પડી છે,
ચાલ સર્ચ કમિટિને ગુરુ દ્રોણ સૂચવી જોઈએ.

અંગૂઠાના નિશાન પર એકલવ્યને, જી.એસ. બનાવી,
ચાલ એકવાર નો- મૂડ સ્ટ્રાઈક પડાવી જોઈએ.

સુદામાને યાદ કરાવી, ફ્રેન્ડશીપના બેલ્ટ સાથે,
ફેસબુક પર શ્રીકૃષ્ણને રીકવેસ્ટ મોકલાવી જોઈએ.

બિરબલને દૂભાષિયા સાથે રાજદૂત અમેરીકામાં,
યક્ષને તો બોર્ડના બે- ત્રણ પેપર સોંપી જોઈએ.

બર્થ-નાઈટ, શ્રીકૃષ્ણની, કેક ફરાળી, માખણ વાળી,
ફોન એન્ગેજ, ચાલ એસ.એમ.એસ. કરી જોઈએ.

જગદગુરૂને બીજું આપણે વળી શું કહેવાનું?
ફળની આશા ત્યજી દેવા, ચાલ પ્રાર્થના કરી જોઈએ.

- ડૉ. મુકેશ બી. જાષી

## બાળકોને લંચબોક્સમાં શું આપશો...!!

**કલરવ**
**- વીણા પી. વોરા**

પર્યુષણ દરમિયાન જૈન બાળકોને નાસ્તામાં, લંચબોક્સમાં લઈ જવાની વાનગીઓ. આજે અવનવા પરોઠાની રીતો છે જે બાળકો ખાશે ત્યારે તેમને પૂરતું પોષણ મળશે, ઉપરાંત આ પરોઠા ડિનરમાં પણ બનાવી શકાય છે.

**(૧) કેળાનાં પરોઠા (રીત-૧)**

**સામગ્રી :**

કાચા કેળાં - ત્રણ નંગ, ઘઉંનો લોટ - બે કપ, મીઠું, લાલ મરચું, હળદર, જીરૂં પાવડર, તેલ, લીંબુ.

રીત : કેળાનાં બે પીસ કરી તેને કુકરમાં બાફી લો. ઠંડા પડે એટલે છીણીને તેનો છુંદો કરો તેમાં લીંબુ, મીઠું, જીરૂં પાવડર, હળદર, લાલ મરચું, જરૂર મુજબ નાખી મસળીને માવો તૈયાર કરો. ઘઉંના લોટમાં જેટલો લુઓ લઈ તેની નાની પુરી જેટલું વણી તેમાં કેળાનાં માવાનું સ્ટફીંગ ભરી પરોઢો વણવો. તેને તવી પર બંને બાજુ તેલ મુકી શેકી લેવું. આ પરોઠા સાથે દહીં-બુંદીનું રાયતું આપવું. દહીમાં મીઠું, લાલ મરચું અને જીરૂં પાવડર નાખી બુંદી નાખી હલાવી લેવું.

**(૨) કેળાનાં પરોઠા (રીત-૨)**

**સામગ્રી :**

બે નંડ કાચા કેળાં ઘઉંનો લોટ એક કપ, અડધો કપ, સોસાબીનનો લોટ, મીઠું, મરચું, એક ચમચી, ખાંડ દળેલી, હળદર, અડધો કપ કહીં, તેલ, અજમો, જીરૂં પાવડર, લીબું.

રીત :

કેળાંને પીલરથી છોલી છીણીથી છીણવું. તેમાં તરત લીંબુ નીચોવવું જેથી કાળા ન પડે. તેમાં ઘઉંનો લોટ, સોયાબીનનો લોટ, હળદર અડધી ચમચી, મરચું એક ચમકી, ધાણાજીરૂં પાવડર એક ચમચી, તલ જરૂર મુજબ, મીઠું, એક ચમચી દળેલી ખાંડ નાખી દહીંથી લોટ બાંધવો. લોટ બાંધતી વખતે બે ચમચી તેલ મોણ તરીકે નાખી લોટ બાંધી તેના પરોઠા વણી તેલથી શેકવા.

આ પરોઠા સાથે છુંદો અથવા ગળ્યું અથાણું લંબબોક્સમાં આપવું.

**(૩) પનીર છોલે પરોઠા**

**સામગ્રી :**

એક કપ બાફેલા ચણા, પનીર ૧૦૦ ગ્રામ, ઘઉંનો લોટ બે કપ, મીઠું, મરચું, હળદર, એક ચમચી ખાંડ, પીનટ બટર બે ચમચા, જીરૂં પાવડર, અજમો, તેલ.

રીત : એક કપ બાફેલા છોલેને ક્રશ કરવા, તેમાં પનીર છીણીને નાખવું તેમાં મીઠું, મરચું, હળદર, ખાંડ, જીરૂં પાવડર અને અજમો નાખી મિશ્રણનો માવો તૈયાર કરવો. ઘઉંના લોટમાં મીઠું અને તેલનું મોણ નાખી લોટ બાંધવો તેને વણવા.

આખો પરોઠો વણાઈ જાય ત્યારે તેની ઉપર પીનટ બટર સ્પ્રેડ કરવું. તેને ગોળ ગોળ વાળી રોલ કરી કુલચાને જેમ લુઓ બનાવી ફરીથી પરોઠું વણવું. તવી પર તેલ મુકી સહેજ રોકવું, બીજી બાજુ બરાબર કડક સેકવું ફરીથી તેને ઉલટાવી સહેજ શેકેલું છે તે સાઈડ નીચે રાખી ઉપરની પરોઠા પરની સાઈડમાં ફરી પીનટ બટર લગાવી પનીર છોલેનો માવો અડધી સાઈડમાં પાથરવો અને એ પરોઠાને અડધી સાઈડમાં ફોલ્ડ કરવો. નીચે ઉતારી તેના બે પીસ કરી લંચબોક્સમાં ભરવા પીનર બટરની બોટલ તૈયાર મળે છે પણ ઘરે તે બનાવવું હોય તો શેકેલ સીંગના ફોતરા કાઢી તેને ગ્રાઈન્ડરમાં મીઠું અને ઓલિવ ઓઈલ નાખી ગ્રાઈડ કરો એટલે પીનર બટર તૈયાર.

**(૪) સેવ ભુજીયા પરોઠા**

**સામગ્રી :**

બે કપ ઘઉંનો લોટ, બે વાટકી ઝીણી સેવ, મીઠું, મરચું, હળદર, ધાણાજીરૂ, મરી પાવડર, લીબું, ગરમ મસાલો, સીંગનો ભુકો, લીલા ટોપરાનું છીણ, તેલ, તલ, જીરૂં પાવડર.

રીત : ઘઉંના લોટમાં મીઠું અને તેલ તથા મરચું, હળદર અને જીરૂ પાવડર નાખી લોટ બાંધવો. સેવને બેસન કે ચણાના લોટમાંથી ઘરે જ બનાવવી અથવા તૈયાર લાવી તેને એક બાઉલમાં રાખી વાટકીથી દબાવીને ભુક્કો કરવો આ અધકચરો ભુકો થશે, તેમાં મીઠું, મરચું, હળદર, ધાણાજીરૂ, મરી પાવડર, લીબુ, તલ, સીંગનો ભુકો, ગરમ મસાલો અને નાળિયેરનું છીણ નાખી મસાલો તૈયાર કરવો. આ મિશ્રણ તૈયાર કરી લીંબુ નીચોવો એટલે સારી રીતે મિક્સ થઈ જશે.

લોટની નાની પુરી વણી તેમાં આ મસાલો ભરી, પુરી પેક કરી તેનું પરોઠું વણી તેલથી બંને બાજુ શેકી લેવું. આ પરોઠા પ્લેન મોળા દહીં સાથે લંબબોક્સમાં આપવા.

## મમ્મીને વેકેશન કયારે હોય ? એની હક્ક રજા કે મેડીકલ લીવ કોણ મંજુર કરે ?

**સમાજ ચિંતન**
**- પોપટલાલ પ્રજાપતિ**

વરસતા વરસાદમાં આવતું પેપર પલળી ન જાય કે સવારે વહેલા દૂધ લેવાનું રહી ન જાય ત્યાંથી માંડી રાત્રે સૌની પથારી કરી તેમને સુવાડ્યા પહેલા જેને ઊંઘ ન આવે તેનું નામ મમ્મી. સવારે વહેલા પાણીનો નળ ચાલુ થાય એટલે આખા દિવસનો સ્ટોક કરી લેવાની પાછી ચિંતા. આખો પરીવાર સુતો છે કારણ કે આખી રાતનો ઉજાગરો હતો પણ મમ્મીને જાગરણની કોઇ ચિંતા નથી. ઘેરાતી આંખે વહેલી ઊઠી કચરા-વાસીદુ પતાવી સૌને વારાફરતી જગાડી તેમને માટે ગરમ પાણી મૂકવાની જવાબદારી પાછી મમ્મીની જ... બાળકોને વહેલા સ્કૂલે જવાનું હોય તો તેમને તૈયાર કરવા, તેમના માટે લંચબોક્સ તૈયાર કરવું. મોટેરાઓ માટે ચા-કોફી કે ગરમ નાસ્તાની વ્યવસ્થા કરવી આ બધું જ કામ મમ્મીએ કરવાનું. સવારની ક્રિયાઓ પતાવી સૌ પોતપોતાના કામે જાય એટલે તેમના મેલા કપડા ધોવાની જવાબદારી પણ મમ્મી સિવાય કોણ નીભાવે?

એમ કરતાં બપોરનો સમય થાય એટલે સૌના માટે, સૌને અનુકૂળ આવે તેવી રસોઇ કરવાની જવાબદારી ય પાછી મમ્મીની જ... એમાંય રસોઇ બનાવ્યા પછી કોઇ મહેમાન અચાનક આવી ચઢે તો તેમનો પ્રબંધ પણ તેને જ વિચારવાનો... આમેય મહેમાનોને આગોતરા જાણ કરીને આવવાનો વિવેક ઇન્ડિયામાં છે જ કયાં? બપોરના જમણ પછી સૌનો એઠવાડ સાફ કરવાનું કામ પણ મમ્મીનું જ. સવારથી ઉઠે ત્યારથી બસ કામ કામ ને કામ... જરાય ફુરસદ જ નહિ એમાંય પતિદેવને ઓફિસ જવાના ટાઇમે રસોઇ તૈયાર ન હોય તો 'સવારની ઊઠીને શું કરે છે કંઇ ખબર જ પડતી નથી' ના ધમકી ભર્યા સુર તો સાંભળવા ના જ... શું મમ્મી એ મશીન છે? શું મમ્મી સ્વયંસંચાલિત યંત્ર છે? સરકારી કર્મચારીઓને તો વર્ષમાં ઢગલાબંધ રજાઓ ભોગવવા મળે છે. ગાપચી લીવ તો જુદી, એલટીસીના લાભો પણ ખરા જ... તો દરરોજ યંત્રવત કામ કરતી મમ્મીને વેકેશન કયારે? તેની અઠવાડિક રજા હોય ખરી? તેને અનલીવ કેટલી મળે? જરાક શરીર થાકે એટલે મેડિકલ રજા પર ઉતરી શરીરને આરામ આપનારા આપણે કયારેક મમ્મીને કીધું છે કે મમ્મી, આજથી તારી રજા મંજૂર...

લે આ પૈસા..., આજથી એલટીસી પર ઊતરી જા... તારૂં શરીર દુ:ખે છે? મેડિકલ લીવ લઇ લે... બસ મમ્મીને તો આવા કોઇ હક્ક્ હોતા જ નથી. નોકરી કરીને આવતી પુત્રવધુઓ કયારેક ગૌરવથી કહે હું તો ઘરે આવું એટલે મમ્મીએ ઘરકામ અને રસોઇ બધુ તૈયાર જ રાખ્યું હોય, આજે તો રવિવાર એટલે આરામથી મોડા ઊઠીશું. મમ્મી બધું કરી નાખશે... મમ્મીને કયારેક રવિવાર હોય જ નહિં? અને છતાં એ માતૃત્વ હક્ક રજા મેળવવા કયારેય હડતાળનો આશરો લેતું નથી. એણે કયાંક બી.એસ.એસ. આર.ના નિયમો બતાવ્યા નથી. એ નીભાવી લે છે, ચલાવી લે છે, સહન કરી લે છે. મારે જ માતૃત્વની ગમે ત્યારે ગમે ત્યાં કસોટી કરો તે ડીસ્ટીંકશન જ મેળવવાની...

રોજ યંત્રવત કામ કરતી મમ્મીને રવિવારે મોડા ઉઠવાની ઇચ્છા ન થાય? એને પણ સોફા પર બેસી હાથમાં રીમોટ લઇ ધાર્મિક ચેનલો જોવાની ઇચ્છા ન થાય? રવિવારે મોટી હોટેલોમાં જઇ પકવાન જમવાના ચટકા તેનેય ન થાય? કોઇ એને પુછો તો ખરા કે મમ્મી, તારી રજાઓ લેપ્સ જઇ રહી છે ભોગવી નાખ... કે રજાની રોકડી તો કરી નાખ? અરે, કોઇ વાર મુછાળા પલંગમાં આળોટતા હોય ત્યારે મમ્મી તેનું માથું દબાવી આપે પણ મમ્મીને માથું દુ:ખતું હોય ત્યારે 'મેટાસીન' લાવીને આપવાનો પણ કોઇને ટાઇમ હોય છે? પણ ના... એને કશાયની જરૂર નથી તે બિમાર અવસ્થામાં ય વહેલા ઉઠી નિત્યક્રમે લાગી જાય છે બીમારીમાં સૌને માટે દાળ-ભાત, શાક, રોટલી ન બનાવી શકે તો સૌને ખીચડી-શાક બનાવીને પણ જમાડી દે છે. મમ્મીએ પિતા-પુત્ર વચ્ચે સ્નેહની સાંકળ ટકાવી રાખનારૂં માધ્યમ છે. એ મમ્મી બને ત્યારથી માંડી દાદીમા બને ત્યાં સુધી સૌને એકસુત્રે બાંધી રાખવા મથામણ કરે છે. મા સુરજ ઉગ્યા પછી કદી ઉઠતી નથી અને સુરજ આથમ્યા પહેલાં કદી સુતી નથી. અરે કોઇનાં ઘેર લગ્નગીતો ગાવા પણ તે હોંશે હોંશે દોડી જાય છે તો મરણના પ્રસંગે પણ મરશીયા ગાવાની ફરજ ચુકતી નથી... મમ્મી થકી જ ઘર સચવાય છે, મમ્મી થકી જ વહેવાર સચવાય છે. મમ્મી કયારેક કઠોર બને પણ એ કઠોરતામાં ય કરૂણા ડોકીયા કરતી હોય છે.

છેલ્લે એક સત્ય ઘટના જે માતૃત્વની ગરીમાને ઉજાગર કરે છે. એક પરીવારમાં મા અને દીકરો બંને એકલા જ છે. માતા વિધવા છે. દીકરો એક માત્ર ધંધો કરે છે... સમય મળ્યે દારૂ પી લેવાનો... નશો ઉતરે એટલે બીજી પોટલી... કોઇ નોકરી નહિ કોઇ ધંધો નહીં... કોઇ આવક નહિ. વિધવા મા ના પેન્શન પર બંનેનો પરિવાર નભે છે. હા, બે ચાર દિવસે એક વાર મમ્મી ઉપર હાથ ઉપાડે છે. મમ્મી આખો દિવસ રડીને દિવસ ગુજારે છે. દીકરાના આવા ત્રાસથી દયા ખાઇ પડોશીઓ ભેગા મળી માજીને વૃદ્ધાશ્રમમાં મુકી આવ્યા. માજી બે દિવસ હેમખેમ વૃદ્ધાશ્રમમાં રહેવા લાગ્યા. ત્રીજા દિવસે તેમને દીકરાની યાદ આવી. મારો દીકરો શું કરતો હશે? શું ખાતો હશે? તેને રાંધતાય આવડતું નથી. તેમણે વૃદ્ધાશ્રમના સંચાલકોને વિનંતી કરી મને ઘેર પાછા મુકી જાવ. મારા દીકરા વગર હું નહિ રહી શકું... સૌએ માજીને ઘણું સમજાવ્યા પણ તેઓ એકના બે ન થયા. સૌ માજીને લઇને તેમનાં ઘેર મુકી આવ્યા. દીકરાનો માર ખાઇને પણ દીકરીની ચિંતા મા સિવાય કોઇ કરી શકે?